# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/147 Dt. 20/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## 'અડોપ્ટિંગ નેકસ્ટ જનરેશન, નેકસ્ટ પ્રેકિટસ'ની થીમ પર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત બે દિવસીય 'ટેકનો ટોક કન્વેન્શન 2025નું ભવ્ય સમાપન

**આઈટી અને એઆઈ ક્ષેત્રના દિગ્ગજોએ ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડતાં કહ્યું કે એઆઈથી કામ ઘટશે, નોકરીઓ નહીં, એઆઈ-માણસનું સહ અસ્તિત્વ જળવાઈ રહેશે**

**સમય સાથે બદલાય એ જ બ્રાન્ડ ટકી શકે છે: ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસી**

**માઇક્રોસોફ્ટના ટેક સેલ્સ એન્ડ પાર્ટનર સીટીઓના ડિરેકટર શ્રી સંજીવ શર્મા, આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડિયાના સુશ્રી રેણુકા કુલકર્ણી, ટ્રેઝિકસના ચીફ ડિલીવરી ઓફિસર શ્રી ચંદ્રશેખર વેલગાપુડી, SAP ઇન્ડિયાના ડિરેકટર શ્રી સંજય કે.વી. અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના ટેકનોલોજી વાઇસ પ્રેસિડેન્ટ શ્રી સંજય ચવાણે સુરતના એમએસએમઇ ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર વિસ્તૃત જાણકારી આપી**

**નિષ્ણાંતો સાથે વિદ્યાર્થીઓ-ઉદ્યોગ અગ્રણીઓની રસપ્રદ પ્રશ્નોત્તરી**

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત બે દિવસીય ‘ટેકનો ટોક કન્વેન્શન 2025’નું આજે સમાપન થયું હતું. પ્લેટિનમ હોલ, એસઆઇઈસીસી કેમ્પસ, સરસાણા, સુરત ખાતે તા. 19 અને 20 સપ્ટેમ્બર, 2025ના રોજ આયોજિત આ કન્વેન્શનમાં 'અડોપ્ટિંગ નેકસ્ટ જનરેશન, નેકસ્ટ પ્રેકિટસ'ની થીમ પર ટેકનોલોજી ક્ષેત્રના પીઢ નિષ્ણાંતોએ સુરતના એમએસએમઇ ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર વિસ્તૃત જાણકારી આપી હતી અને તેમની સાથે પ્રશ્નોત્તરી પણ કરી હતી.

આ કન્વેન્શનના બીજા દિવસે ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે આ એસજીસીસીઆઈનો એક નવો પ્રયાસ છે. જે લોકો, સંસ્થાઓ અને બ્રાન્ડ સમય સાથે બદલાય છે, તે જ ટકી શકે છે. પરિવર્તન એ કુદરતનો અપરિવર્તનશીલ નિયમ છે. બદલાવને અપનાવવો એ જ સફળતાનું મૂળ છે.”

માઇક્રોસોફ્ટના ટેક સેલ્સ એન્ડ પાર્ટનર સીટીઓના ડિરેકટર શ્રી સંજીવ શર્માએ 'નેકસ્ટ જનરેશન ટેકનોલોજી માટે એઆઇ ડ્રિવન બિઝનેસ ટ્રાન્સફોર્મેશન' વિષય પર સંબોધન કરતા જણાવ્યું હતું કે, આ ભારતનો દાયકો માત્ર નથી, પરંતુ ભારતની સદી છે. ભારત ટેકનોલોજી માટે સૌથી ઉત્સાહજનક માર્કેટ છે. આગામી 5-6 વર્ષમાં ભારત આજના કદ જેટલું વધારે ઉમેરશે. તેમણે કહ્યું કે જ્યારે સુપર કમ્પ્યુટર્સ આવ્યા ત્યારે પણ નોકરીઓના નુકસાનનો ડર હતો. મને લાગે છે કે એઆઇ કામનો ભાર ઘટાડશે, નોકરીઓ નહીં.

આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઇન્ડિયાના સુશ્રી રેણુકા કુલકર્ણીએ 'નેકસ્ટ જનરેશન ટેકનોલોજી અડોપ્શન ફોર મેન્યુફેકચરિંગ યુનિટ' વિષય પર વાત કરતા જણાવ્યું હતું કે, નવા યુગની ટેકનોલોજી દરેક જગ્યાએ છે. ઇન્ડસ્ટ્રી 4.0 વૈકલ્પિક નથી, પરંતુ આવશ્યક છે. તેમણે મોટા પાયે મેન્યુફેકચરિંગમાં ટેકનોલોજીના ઉપયોગ અને ટ્રાન્સફોર્મેશનલ લીડરશિપ વિશે વિસ્તૃત સમજણ આપી હતી અને કેવી રીતે હજીરાના પ્લાન્ટમાં કંપનીએ ટેકનોલોજીની મદદથી પ્રક્રિયાઓ સુસંગત અને સરળ કરી તે સમજાવ્યું હતું.

ટ્રેઝિકસના ચીફ ડિલીવરી ઓફિસર શ્રી ચંદ્રશેખર વેલગાપુડીએ 'પ્રોએક્ટિવ ગવર્નન્સ મેઝર્સ ટુ મેક ધી ટેકનોલોજી પ્રોજેક્ટ સક્સેસફુલ' વિષય પર જણાવ્યું હતું કે, લગભગ 90% સ્ટાર્ટઅપ્સ નિષ્ફળ જાય છે અને તેમાંથી 42% માત્ર માર્કેટના અભાવને કારણે છે. તેમણે પ્રોજેક્ટની નિષ્ફળતાને કેવી રીતે ટાળી શકાય તે વિશે વાત કરી હતી.

SAP ઇન્ડિયાના ડિરેકટર શ્રી સંજય કે.વી.એ 'એડોપ્શન ઓફ એન્ટરપ્રાઇઝ સોલ્યુશન્સ ફોર ધી નેકસ્ટ લેવલ ઓફ ગ્રોથ - ઇન ધી એરિયા ઓફ ફાયનાન્સ એન્ડ લોજિસ્ટીકસ' વિષય પર જણાવ્યું હતું કે, ભારત લોજિસ્ટીકસને ઘણી પ્રાથમિકતા આપી રહ્યું છે. તેમણે કહ્યું કે એઆઇ માનવને બદલશે નહીં પરંતુ તેની સાથે સહઅસ્તિત્વમાં રહેશે. તેમણે સપ્લાય ચેઇનના ડિજિટલાઇઝેશન વિશે વાત કરી અને તાજેતરમાં લોન્ચ કરાયેલ SAP સોવરેન ક્લાઉડ ફોર ઇન્ડિયા વિશે સમજાવ્યું, જ્યાં ડેટા માત્ર ભારતમાં જ રહેશે.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના ટેકનોલોજીના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી સંજય ચવાણે 'ડિજિટલ ટ્રાન્સફોર્મેશન' વિષય પર વાત કરતા જણાવ્યું હતું કે, તેમણે M&Mમાં કરાયેલા ઇનહાઉસ ટેકનોલોજીકલ વિકાસ જેમ કે જીની વિશે વાત કરી. તેમણે ક્લાઉડ ટ્રાન્સફોર્મેશન વિશે પણ ચર્ચા કરી હતી.

આ પ્રસંગે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ચેમ્બરની આઇટી એન્ડ કોમ્યુનિકેશન્સ કમિટીના એડવાઇઝર શ્રી હરેશ કલકત્તાવાલા ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી બશીર મન્સુરીએ આભારવિધિ કરી હતી.